પ્રેસ ડિવિઝન, સેન્ટ્રલ ઓફિસ, પોસ્ટ બોકસ નં. 409, મુંબઇ 400 001
ફોન: 2266 0502 ફેકસ : 2266 0358, 2270 3279

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા
ઇન્ટરનેટ પર RBI
http://www.rbi.org.in
Email: helpprd@rbi.org.in

18 માર્ચ, 2004

**રહેવાસી વ્યક્તિગત રોકાણકારો માટે 25,000 યુએસ ડોલરની ઉદાર ચૂકવણીની યોજના**

4 ફેબ્રુઆરી, 2004 ના એ. પી. ડીઆઇઆર (સિરીઝ) સર્કયુલર નં. 64 ની શરતો મુજબ રિઝર્વ બેંકે નિવાસી વ્યકિગત રોકાણકારોને કેલેન્ડર વર્ષ દીઠ 25,000 યુએસ ડોલરથી વધુ રકમનો વ્યવહાર ન કરી શકવાની પરવાનગી આપી છે. હવે આ સુવિધા 25,000 યુએસ ડોલર સુધી વર્ષ દીઠ વ્યવહાર ચાલુ અથવા કેપિટલ ખાતામાંથી કે બંનેના સમન્વયથી કરી શકે છે.

ભારતમાં સક્રિય અનેક વિદેશી તથા ભારતીય બેંકો ઉપરની યોજના મુજબ રહેવાસીઓ પાસેથી ડિપોઝીટ મેળવવા પ્રયાસ કરી રહી છે. તેવું ધ્યાનમાં પણ આવ્યું છે કે વિદેશી કેન્દ્રો પર ચોક્કસ વ્યાજના દરે વિદેશી કરન્સી ડિપોઝીટ / ફંડ મેવવા માટે અમુક જાહેર ખબરો આવે છે. આ જાહેર ખબરમાં સંભવિત રોકાણકારને માર્ગદર્શન માટેની પૂરતી વિગતો અપાઇ નથી. ભારતમાં હાજરી ન હોય તેવી વિદેશી કંપનીઓ દ્વારા વિદેશી ચલણમાં ડિપોઝીટ મેળવવા માટે ભારતમાં માર્કેટિંગ કરવાને કારણે કેટલીક ચિંતાઓ ઊભી થઇ છે.

આ કારણસર નિર્ણય લેવામાં આવ્યો છે કે પરવાનાયુકત બેંકિગ કંપની સિવાય કોઇ નિવાસીઓ પાસેથી ફોરેન કરન્સી ડિપોઝીટ માગી શકશે નહીં. ભારતીય તથા વિદેશી બંને પ્રકારની બેંકોની સક્રિય હાજરી ભારતમાં ન હોય તો તેણે આરબીઆઇ પાસેથી પ્રારંભિક પરવાનગી માગવાની રહેશે. તેમણે આ યોજના ભારતમાં નિવાસીઓ પાસેથી તેમની વિદેશી / ઓવરસીસ બ્રાન્ચીઝ માટે ફોરેન કરન્સી ડિપોઝીટ લેવા અથવા ઓવરસીસ મ્યુચ્યુઅલ ફન્ડસ માટે એજન્ટની કામગીરી કરવા અથવા અન્યને પણ ફોરેન ફાયનાન્સ સર્વિસ કંપનીના માર્કેટીંગ માટે પૂર્વ મંજૂરી લેવી પડશે.

- આવી પૂર્વ મંજૂરી મેવવા માટે આરબીઆઇને નીચેની માહિતી બેંકોએ આપવી પડશે.
- બેંકનું નામ અને તેની હેઠળ ઓફિસનું સ્થળ, પૂરા સરનામા સાથે (સ્થાનિક ઓફિસ હોય તો તેનું પણ)
- બેંકના નિરીક્ષક સત્તાધીશો (કે સત્તાધીશો) ની શાખા, જે હેડ ઓફિસના સુપરવિઝન માટે જવાબદાર હોય.
- આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય રેટિંગ એજન્સીએ આપેલા લાંબા સમયના રેટિંગ્સ. એજન્સીઝજેવી કે, મૂડીસ અથવા સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર.
- બજારમાં મૂકવા માત્રના યોજનાની પૂર્વ વિગતો.

આ બાબતની અરજી મોકલવાનું સરનામું, પ્રતિ શ્રી, ચીફ જનરલ મેનેજર ઇન ચાર્જ, બેંકિંગ ઓપરેશન્સ એન્ડ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, સેન્ટ્રલ ઓફિસ, સેન્ટર – 1, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, કફ પરેડ, મુંબઇ 400005.

આ પ્રેસ રિલીઝ એટલા માટે બહાર પાડવામાં આવી છે જેથી લોકો પાસેથી બેંકિંગ સંસ્થાઓ જ ફોરેન કરન્સી ડિપોઝીટ માગી શકે તે બાબત પાકી થાય. ઓવરસીસ સેન્ટરો ખાતે વિદેશ ચલણ ડિપોઝીટ કરનારા નિવાસીઓએ પોતાના જોખમે કરવું આ અંગેના જોખમની જવાબદારી રોકાણકારની રહેશે.

અજિત પ્રસાદ
પ્રબંધક

પ્રેસ રિલીઝ : 2003-2004/1098